પાલનપુરના વાસણ ગામે મહિલાએ સરકારી શિક્ષિકાએ નોકરી છોડી પગભેર થઈ

દૂધના ધંધામાં લાખોની કમાણી કરી એક નવો આયામ સિદ્ધ કરી આદર્શ ઉદાહરણ બની

આજે એકતરફ સરકારી નોકરી માટે સભા,સરઘસ અને અંદોલન થઈ રહ્યા છે ત્યારે બનાસકાંઠા ના પાલનપુર ના વાસણ ગામે એક મહિલા એ સરકારી શિક્ષિકા ની નોકરી છોડી દૂધના ધંધામાં લાખોની કમાણી કરી એક નવો આયામ સિદ્ધ કરી આદર્શ ઉદાહરણ સાબિત થવા પામ્યા છે। બનાસકાંઠા ના પાલનપુરના વાસણ ગામ ની સુખી સંપન્ન રાઠોડ પરિવારની મંદાકિની રાઠોડ નામની મહિલા એ શિક્ષિકા ની નોકરી છોડી એક નવો આયામ સિદ્ધ કર્યો છે। શરૂઆત માં અભ્યાસ માં હિન્દી વિષય સાથે એમ.એ. બી.એડ. પુરૂ કર્યુ અને

શિક્ષિકા તરીકે નોકરી પ્રાપ્ત કરી હતી.પરંતુ મનમાં પોતાનો વ્યવસાય કરવાનું નક્કી કરી દાદીમાના જીવનમાંથી પ્રેરણા લઈ પશુ પાલનના વ્યવસાયમાં ઝંપલાવ્યુ હતુ.ચાર વર્ષ અગાઉ તેણીએ પિતા પાસેથી રૂ.૬૦હજારની લોન લઈ રહી ન પાલનપુર તાલુકાના વાસણ ગામે જમીન ભાડે રાખી હતી. જ્યાં તબેલો બનાવી દૂધનો વ્યવસાય શરૂ કર્યો હતો. જેમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતાં આજે આજે માસિક રૂપિયા ૧,૮૫,૦૦૦ થી ૨ લાખ સુધીની આવક મેળવી રહ્યા છે.આજકાલ પાંચ- દસ હજારની નોકરીમાં ઘણી જગ્યાએ મહિલાઓનું તેના ઉપરી કે સાથી અધિકારી દ્વારા સ્વમાનભંગ કે અન્ય હેરાનગતિ થતી હોય છે. આવી સ્થિતિમાંથી ગુજરવાને બદલે પોતાનો અલગ જ વ્યવસાય કરી તેમાં સિધ્ધિ હાંસલ કરવાનું નક્કી કર્યુહતુ. જેમાં દાદી માના જીવનમાંથી પ્રેરણા લઈ સતત મહેનત માંગી લેતાં એવા પશુપાલન ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે પિતાજ નિવૃત અધિકારી ઈશ્વરભાઈ પરમાર પાસેથી વર્ષ ૨૦૧૨માં રૂ. ૬૦,૦૦૦ની લોન લીધી હતી.બે ગાયો ખરીદી પાલનપુરથી દસ કિલોમીટર દૂર આવેલા વાસણ ગામે મહેશભાઈ પટેલની પાંચ વીઘા જમીન ભાડે લઈ સાહસ કર્યુ હતુ. અને માત્ર ચાર વર્ષમાં મહેનત રંગ લાવી છે. અત્યારે તબેલામાં ૩૦ ગાયો અને ૧૧ વાછરડાં છે. એક દિવસનુ ૨૫૦ લીટર દૂધ મળી એક માસમાં ૭૫૦૦ લીટર દૂધ વાસણ દૂધ મંડળીમાં ભરાવી માસિક રૂપિયા એક લાખ થી ૨ લાખ સુધીની આવક મેળવી રહી છુ.મંદાકિનીબેનના પતિ નવીનભાઈ રાઠોડ લાખણી તાલુકાના માણકી ગામે શાળામાં આચાર્ય છે. તેમના બે પુત્રો યુગ ધોરણ પાંચ અને નિખાર ધોરણ ૯માં પાલનપુર ખાતે અભ્યાસ કરે છે. તેમણે પશુપાલન ક્ષેત્રે સિધ્ધિઓ પ્રાપ્ત કરી છે જે બદલ વર્ષ ૨૦૧૪માં મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે ઓલ ગુજરાત શ્રેષ્ઠ પશુપાલક કૃષિરત્ન એવોર્ડ, ૨૦૧૫માં બનાસકાંઠા જિલ્લા લેવલે મહિલા પુષ્પ એવોર્ડ, આણંદ ખાતે ડો. એન. એસ. પટેલ દ્વારા દૂધ ઉત્પાદનનો એવોર્ડ અને અમદાવાદ ખાતે ઓલ ગુજરાત ઉધોગ સાહસિક મહિલા એવોર્ડ પ્રાપ્ત કર્યો હતોહાલ માં વાસણ ગામ ની મંદાકિની રાઠોડ નું સ્વપ્ન પોતાના તબેલામાં ૧૦૦ ગાયો હોય તેવી મહેચ્છા છે. તેમજ આગામી સમયમાં અમારી આગવી બ્રાન્ડની દૂધની બનાવટો બનાવી ઘેર- ઘેર પહોચાડવાની પણ નેમ ધરાવું છોમંદાકિની રાઠોડે પાલનપુર તાલુકાના વાસણ ગામે જમીન ભાડે રાખી ને તબેલો બનાવી દૂધનો વ્યવસાય શરૂ કર્યો હતો. જેમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતાં આજે માસિક રૂપિયા ૧,૮૫,૦૦૦ની આવક મેળવી રહ્યા છે. જેમણે સાબિત કરી દીધુ છે કે, નારી હવે અબળા નથી.હાલ માં આ સ્થિતિમાં ગ્રામ્ય કક્ષા એ અનેરી

સિધ્ધિ હાંસલ કરી છોસ્થાનિક ડેરી ના મંત્રી નું માનીયે તો હાલ માં માસિક સરેરાશ ૧ લાખ ૮૦ હજાર થી વધુ નું દૂધ ભરાવે છે .માત્ર સરકાર કે સંસ્થા ને પગલે જ આગવી સિદ્ધિ પ્રાપ્ત ન થઈ સકે એ વાત આ મહિલા એ સિદ્ધ કરી છે ત્યારે આ મહીલા પર થી અનામત નામેં રાજકારણ રમી નોકરી નું બહાનું કરનારા તેમજ ગુજરાત ની અસ્મિતા ને નુકશાન કરનારા તત્વો માટે એક મિસાલ બની રહે તો નવાઈ નહિ,

રાજ્યમાં હવામાનમાં પલ્ટો : જામનગરમાં વરસાદ

અમદાવાદ, તા.૯

અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં પણ આજે હવામાનમાં એકાએક પલ્ટો આવ્યો હતો અને વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં હળવા વરસાદી ઝાપટા પડ્યા હોવાના અહેવાલ પણ મળ્યા છે જોકે આને લઈને વધુ માહિતી મળી શકી નથી. જામનગરમાં હળવા વરસાદી ઝાપટા પડ્યા છે. બીજી બાજુ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિનો દોર જારી રહ્યો છે. આજે અમદાવાદ શહેરમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે મહત્તમ તાપમાન ૩૩.૫ અને લઘુત્તમ તાપમાન ૨૦.૩ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે પાટનગર ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૨ અને લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી નોંધાયું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ આવી જ સ્થિતિ રહી હતી. દેશના મેદાની ભાગોમાં વરસાદના સમાચાર મળ્યા છે. જેના કારણે હવામાનમાં ફરી એકવાર પલ્ટો આવ્યો છે. અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેતા ગરમીથી આંશિક રાહત મળી હતી. બીજી બાજુ સિઝનમાં વારંવાર ફેરફારના લીધે બીમારી ફેલાવવાની શક્યતા પણ દેખાઈ રહી છે. લોકોને વધુ સાવધાન થઈ જવાની જરૂર છે કારણ કેહાલમાં ગરમી અને શરદીનો અનુભવ એકસાથે થઈ રહ્યો છે.રાજ્યભરમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ફેરફારનો દોર જારી રહેતા સામાન્ય લોકો પરેશાન થયેલા છે. હાલમાં જ તીવ્ર ગરમીનું મોજુ સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં જોવા મળ્યું હતું. આરોગ્યને લઈને ઈન્ફેકશનની તકલીફ વધી છે. શરદી, ગરમીથી ગ્રસ્ત રોગના કેસમાં વધારો નોંધાયો હોવાના અહેવાલ મળી રહ્યા છે. અમદાવાદ શહેર અને રાજ્યમાં હાલમાં મિશ્ર વાતાવરણનો અનુભવ લોકો કરી રહ્યા છે. આજે અમદાવાદ શહેરમાં બપોરના ગાળામાં ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. ગરમીનું પ્રમાણ અમદાવાદમાં હવે દિન પ્રતિદિન વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. હવામાન વિભાગ તરફથી હીટવેવની કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ હવે વધતી ગરમી વચ્ચે લોકો ગરમીથી બચવા માટેના તમામ પ્રયાસો પણ કરવા લાગી ગયા છે. ઠંડી ચીજવસ્તુઓના વેચાણમાં પણ વધારો થઈ રહ્યો છે. હાલમાં જ પારો ફેબ્રુઆરી મહિનામાં ૧૦ વર્ષની રેકોર્ડ ઉંચી સપાટી ઉપર પહોંચી ગયો હતો.

ગણપત યુનિવર્સિટીના સ્થાપક અનિલભાઈના આદરમાં વિદ્યા શિલ્પી દિન

સુખ્યાત પત્રકાર-ચિંતક ભવેન કચ્છીનું વ્યાખ્યાન તેમજ મહેસાણા અર્બન બેન્ક સાથે એમઓયુ સાઈન થયું

ગણપત વિદ્યાનગર, તા. ૯

પુરા ૫૦,૦૦૦ વૃક્ષોથી આચ્છાદિત, ૩૦૦ જેટલી વિશાળ

ભૂમિ ઉપર પથરાયેલા હરિયાળા ઉપવન સમા સંકુલમાં ૧૯ જેટલાં ઈન્સ્ટિટ્યુટ્સ ધરાવતી અને ૧૦,૦૦૦ જેટલાં વિદ્યાર્થીઓના ચારિત્ર્યના ઘડતરનું પુણ્ય કાર્ય કરતી રાજ્યની પ્રથમ હરોળની હાઈટેક યુનિવર્સિટીના સ્થાપક-સર્જક એવા અનિલભાઈ પટેલના ૭૩મા જન્મ-દિવસની ગઈકાલે ગણપત યુનિવર્સિટીના આંગણે 'વિદ્યા-શિલ્પી દિવસ' તરીકે ભારે દબદબાપૂર્વક ઉજવણી થઈ હતી.

ગણપત યુનિવર્સિટીના બોર્ડ ઓફ ગવર્નન્સ દ્વારા યારિત થયેલા એક ઠરાવ મુજબ હવેથી દર વર્ષે આ રીતે જ જેની ભવ્ય ઉજવણી થનાર છે તેવા 'વિદ્યા-શિલ્પી' દિનની ઉજવણીના ભાગરૂપે જ ગઈકાલે 'ગણપત યુનિવર્સિટી વિશિષ્ટ વ્યાખ્યાન માળા'નું વધુ એક વ્યાખ્યાન પણ યોજાયું હતું. જેના વક્તા હતા સુખ્યાત પત્રકાર અને કટાર-લેખક ભવેન કચ્છી.

'વિદ્યા-શિલ્પી દિવસ'ની ઉજવણીને વધુ સાર્થક બનાવવા આ અવસરે ગણપત યુનિવર્સિટી અને મહેસાણા અર્બન કો.ઓ. બેન્ક વચ્ચે એક 'એમઓયુ' ઉપર સહી-સિક્કા થયા હતા.

આ સમજુતીના ભાગરૂપે ગણપત યુનિવર્સિટી એક એમબીએ કક્ષાનો અને એક પીજીડીએમ કક્ષાનો 'બેન્કિંગ અને ફાયનાન્સ' અભ્યાસક્રમ શરૂ કરશે જેમાં બેન્કના કર્મચારીઓ પોતાના કાર્ય-કૌશલ્યના મૂલ્યવર્ધન દ્વારા બેન્કને વધુ સારી સેવાઓ પુરી પાડી શકશે.

'ગણપત યુનિવર્સિટી ડિસ્ટિંગ્વિશ્ડ લેકચર સિરિઝ'ના એક મણકા રૂપે યોજાયેલા પ્રવચનના વક્તા વરિષ્ઠ અને સુખ્યાત પત્રકાર-ચિંતક ભવેન કચ્છીએ 'ગિવિંગ બેક ટુ સોસાયટી' વિષય ઉપરના પોતાના વક્તવ્યમાં ખુબ સુંદર ઉદાહરણો તેમજ વિશ્વના ઉત્તમ વિચારકોના જીવનની પ્રેરણાદાયી વાતો દ્વારા સમાજ-સેવા અને સમાજનું ઋણ ફેડવાની પોતાની વાતને ખૂબ પ્રભાવક રીતે રજુ કરી શ્રોતાઓને ભારે પ્રભાવિત કર્યા હતા.

'વિદ્યા-શિલ્પી દિની ઉજવણીના એક મહત્વના ઉપક્રમ તરીકે ઉત્તર ગુજરાત અને ખાસ કરીને મહેસાણાની અનેક સંસ્થાઓ તથા અનેક અગ્રણીઓએ અનિલભાઈ પટેલ તરફના પોતાના આદર-સન્માન વ્યક્ત કર્યા હતા. જેમાં ઊંઝા ઉમિયામાતા સંસ્થાનના વિકમભાઈ પટેલ, મણિભાઈ મિસ્ત્રી, પ્રહલાદભાઈ, અંબાલાલભાઈ, મહેસાણા અર્બન કો.ઓ. બેન્કના ચેરમેન ચંદુભાઈ પટેલ, જી.કે. પટેલ, વાઈસ ચેરમેન કે.કે. પટેલ, એમ.ડી. અને પૂર્વ ધારાસભ્ય ખોડાભાઈ પટેલ, સીઈઓ વિનોદભાઈ, મહેસાણા ડિસ્ટ્રિક્ટ એજ્યુકેશન ફાઉન્ડેશનના ટ્રસ્ટી દશરથભાઈ પટેલ, ડાહ્યાભાઈ, નારણભાઈ પટેલ, ગણપત વિદ્યાનગર કેમ્પસના નિયામક ડૉ. ડી.આર. પટેલ, સહ નિયામક એચ.એમ. પટેલ, ગણપત

યુનિવર્સિટી બોર્ડ ઓફ ગવર્નન્સના મેમ્બર અને રાજ્યના એડિશ્નલ એડવોકેટ જનરલ પ્રકાશ જાની, મહેસાણા બાપ્સ સ્વામિનારાયણ મંદિરના સંતો, બ્રહ્માકુમારી સરલાદીદી, મહેસાણા રોટરી ક્લબ, જાયન્ટસ ગ્રુપ તેમજ 'દૂરડા'ના વિપુલ ચૌધરી સહિત અનેક મહાનુભાવો અને સંસ્થાઓનો સમાવેશ થાય છે.

અનિલભાઈ પટેલની એક ઉદ્યોગપતિ તરીકેની તેમજ બેન્કિંગ ક્ષેત્રની અને વિદ્યા-ક્ષેત્રની સમગ્ર સેવાયાત્રામાં બહુજ મોટું પ્રેરણાબળ બની રહેલા એમના જીવન-સંગીની શારદાબેનની પણ આ અવસરે ભારે સરાહના કરવામાં આવી હતી ને એમના પ્રત્યે પણ દરેક વક્તાઓએ આદર સન્માનની ભાવના વ્યક્ત કરી હતી.

સમારંભના પ્રારંભે ગણપત યુનિવર્સિટીના ડિરેક્ટર જનરલ ડૉ. મહેન્દ્ર શર્માએ મહેમાનોનું સ્વાગત કરી 'વિદ્યા-શિલ્પી દિવસની ઉજવણીના અવસરની ભૂમિકા રજુ કરી હતી. સમગ્ર અવસરને સુંદર રીતે સંપન કરવા રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલે ભારે જહેમત લીધી હતી તો સમગ્ર યુનિવર્સિટી પરિવાર, પ્રાધ્યાપકો, આચાર્યો, ડીન્સ, ટ્રસ્ટીઓ, શુભેચ્છકોએ ભારે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ઉત્સવને સાર્થક કર્યો હતો.

આતંકવાદીઓ ઝડપાયા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અંજામ આપવામાં સફળ રહ્યા હોત તો ભારે તબાહી થઈ હોત પરંતુ એટીએસ અને ઉત્તરપ્રદેશ પોલીસની અસરકારક કામગીરીના કારણે ત્રાસવાદી ઠાર થઈ ગયો હતો. સૈફુલ્લાના સ્થળથી જે દારૂગોળાનો જથ્થો અને હથિયારો મળી આવ્યા હતા તેનાથી ભારે નુકસાન થઈ જવાની શક્યતા રહેલી હતી.

બીજી બાજુ એવું પણ જાણવા મળ્યું છે કે આ શખ્સોના કેટલાક અન્ય મિત્રો પણ છે જે સોશિયલ મીડિયા ઉપર એકબીજા સાથે વાતચીત કરી રહ્યા હતા. આવી સ્થિતિમાં આગામી દિવસોમાં વધુ ધરપકડની શક્યતાને નકારી શકાય તેમ નથી. ઉત્તરપ્રદેશમાં ગુપ્ત સ્થળો પર હજુ પણ તપાસ ચાલી રહી છે. દરોડા પાડવામાં આવી રહ્યા છે.

પૈસા ઉમેરવા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ફી વસુલ કરતા નથી. પેટીએમએ બુધવારના દિવસે જારી કરવામાં આવેલા એક બ્લોગમાં કહ્યું હતું કે જ્યારે ક્રેડિટ કાર્ડ મારફતે પેટીએમ વોલેટમાં પૈસા મુકવામાં આવે છે ત્યારે અમને તેના માટે ચાર્જ આપવાની ફરજ પડે છે. જો કોઈ યુઝર વોલેટમાં પૈસા મુકી દીધા બાદ તેને બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરી દે છે તો અમને નુકસાન થાય છે. પેટીએમનું કહેવું છે કે બે ટકા ચાર્જ આઠમી માર્ચથી લાગુ કરી દેવાનો નિર્ણય કરાયો છે. પેટીએમએ કહ્યું છે કે તેબે ટકા ચાર્જ આઠમી માર્ચના દિવસે લાગુ કરવામાં આવ્યા બાદથી કેટલીક ફરિયાદો મળી રહી છે.

ગર્વ છે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હતી. તેમના દુઃખમાં અમે ચોક્કસપણએ સહાનુભૂતિ ધરાવીએ છીએ. રાજનાથસિંહે કહ્યું હતું કે પેસેન્જર ટ્રેનમાં બ્લાસ્ટ બાદ મધ્યપ્રદેશ પોલીસે હોસંગાબાદના પીપરીયામાં ટ્રાફિક ચેકીંગ દરમ્યાન ત્રણ શકમંદોને પકડી પાડ્યા હતા. કેન્દ્રિય સંસ્થાઓની મદદથી વધુ તપાસ ચાલી રહી છે. શકમંદોની પૂછપરછ અને અન્ય માહિતીના આધાર ઉપર ઉત્તર પ્રદેશ પોલીસ, કાનપુર, ઓરૈયા અને અન્ય જગ્યા ઉપર તપાસ કરી રહી છે. તેમણે કહ્યું હતું કે સુરક્ષા દળોએ ખૂબ જ સફળતાપૂર્વક કાર્યવાહી હાથ ધરી હતી. તેમણે દાવા સાથે કહ્યું હતું કે રાજ્યોની પોલીસ અને કેન્દ્રિય સંસ્થાઓ વચ્ચે શાનદાર સંકલનના લીધે આ સફળતા મળી છે.

એક્ઝીટ પોલ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હવે એક્ઝિટ પોલના આંકડા આવ્યા હતા. સૌથી વધારે ૪૦૩ વિધાનસભા બેઠકવાળા ઉત્તરપ્રદેશમાં ભાજપની બહુમતી સાથે સરકાર બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. મોટાભાગના સર્વેમાં ભાજપને બહુમતી મળવા અથવા તો તેની નજીક ભાજપ પહોંચશે તેવી વાત કરવામાં આવી રહી છે. સી વોટર મુજબ ભાજપને ૧૫૫થી ૧૬૭ બેઠકની વાત કરવામાં આવી રહી છે. જ્યારે અન્યોને પણ આઠથી ૨૦ સીટો મળવાની વાત થઈ રહી છે. સમાજવાદી પાર્ટીને ૧૩૫ થી ૧૪૭ બેઠકો મળવાની વાત થઈ રહી છે. બસપને ૮૭ થી ૯૩ બેઠકો આપવામાં આવી રહી છે. ટાઈમ્સ નાઉ વીએઆરના સર્વે મુજબ ભાજપને ઉત્તરપ્રદેશમાં ૨૧૦ થી ૨૩૦ સીટો આપવામાં આવી રહી છે. જે બહુમતીના આંકડા કરતા વધારે સીટો છે. અહીં સપાને ૧૧૦થી ૧૩૦ બેઠકો મળી રહી છે. બસપને ૬૭ થી ૭૪ બેઠકો આપવામાં આવી રહી છે. અન્યોને ૮ સીટો ઉપર સંતોષ કરવાની ફરજ પડી શકે છે. પશ્ચિમી ઉત્તરપ્રદેશ, અવધ, બુંદેલખંડ અને પૂર્વીય ઉત્તરપ્રદેશમાં મોટાભાગના વિસ્તારોમાં ભાજપની લીડ દેખાઈ રહી છે. એક્સ એમઆરસીના સર્વે મુજબ ભાજપને ૧૮૫ બેઠકોની સાથે બહુમતી મળી શકે છે. જ્યારે સપા અને કોંગ્રેસને ૧૨૦ તથા બસપાને ૯૦ સીટો મળી શકે છે. સી વોટર એક્ઝિટ પોલ મુજબ ભાજપને ગોવા અને મણીપુરમાં પણ સત્તા મળી રહી છે. જ્યારે ઉત્તરાખંડમાં કોંગ્રેસની સાથે તેની સીધી ટક્કર દેખાઈ રહી છે. અહીં એક સીટની હેરાફેરી કોઈપણ પાર્ટીના ગણિતને બગાડી શકે છે. જોકે ઉત્તરપ્રદેશ બાદ બીજા સૌથી મોટા ચૂંટણી વાળા રાજ્ય પંજાબમાં અકાલી-ભાજપ ગઠબંધનને માત્ર ૯ સીટોથી સંતોષ માનવાની ફરજ પડી શકે છે. અહીં આમ આદમી પાર્ટી તમામને ચોંકાવીને સરકાર બનાવી શકે છે. આમ આદમી પાર્ટીને ૧૧૭ પૈકી પંજાબમાં ૬૩ સીટો મળી શકે છે. જ્યારે કોંગ્રેસ ૪૫ સીટોની આસપાસ રહી શકે છે. સી વોટરના કહેવા મુજબ આમ આદમી પાર્ટીને દિલ્હી બાદ પંજાબમાં સત્તા મળી શકે છે. ઉત્તરાખંડમાં ખૂબ જ નજીકની સ્પર્ધા રહી શકે છે. ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે માત્ર એક સીટના અંતરની સ્થિતિ રહી હતી. આ વખતે પણ આવી સ્થિતિ દેખાઈ રહી છે.

સી વોટર મુજબ ૭૦ સીટોની વિધાનસભામાં ભાજપને ૨૯-૩૫ સીટો જ્યારે કોંગ્રેસને ૨૯ થી ૩૫ સીટો મળી શકે છે. અન્યોના ખાતામાં બે થી આઠ સીટો રહી શકે છે. આસામ મારફતે પૂર્વોત્તરમાં એન્ટ્રી કરનાર ભાજપ હવે મણીપુરમાં પણ સફળતા મેળવવાની દિશામાં છે. સી વોટર મુજબ અહીં ૬૦ સભ્યોની વિધાનસભામાં ભાજપને સૌથી વધુ ૨૫થી ૩૧ બેઠકો મળી શકે છે. જ્યારે કોંગ્રેસને ૧૭ થી ૨૩ બેઠક મળી શકે છે.

પ્લોટની હરાજી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સીટીના કન્સેપ્ટનેવેગ આપવા માટે હરિયાળા બગીચા બનાવવા સાથે આગામી દાયકાઓને ધ્યાને લઈ નર્મદાનુ પાણી આપવા માટે પણ નેટવર્ક ઉભુ કરી દેવાયુ છે. જયારે પાટનગરને સમાંતર વિકાસના દ્રષ્ટિકોણને ધ્યાને લઈ ટી પી વિસ્તારમાં રોડ સ્ટ્રીટ લાઈટ તેમજ પાણી ગટરની સુવિધાઓ માટે પણ તોતિંગ ખર્ચ કરવામાં આવી રહયો છે. જયારે હવે પાટનગરમાં જે મુજબ પ્લોટોની હરાજી થઈ તે મુજબ ગુડા વિસ્તારમાં પણ પ્લોટોની હરાજી માટેનો તખતો તૈયાર કરી દેવાયો છે. ગુડા વિસ્તારમાંવિકાસનોવ્યાપ વધારવા માટે તેમજ હાઈટેક વિકાસના અભિગમને ધ્યાને લઈ ટુંકમાં જ પ્લોટોની હરાજી કરવામાં આવશે. પ્રાથમિક તબક્કે ગુડા દ્વારા ૮ પ્લોટોની હરાજી કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. અંદાજિત ૫ હજારથી ૧૫ હજાર મીટરના આ પ્લોટની હરાજી કરવા માટે ગાંધીનગરમાં પણ બે વર્ષ પુર્વે પ્લોટોની હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે હરાજીના પ્લોટ પર હાલ બાંધકામ પણ પુર્ણતાના અંતે છે. જયારે નવ વિકસિત વિસ્તારમાં નવા બિલ્ડીંગોનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ છે. ગાંધીનગરમાં પ્લોટની હરાજી મુજબ ઓનલાઈન પેટર્નને ફોલો કરવામાં આવશે. જયારે પ્લોટના તળિયાની કિંમત પણ ટુંકમાં નક્કી કરી દેવાશે. જયારે પ્લોટોની હરાજી અંગે ગુડા દ્વારા ટુંકમાં જાહેરાત કરી દેવાશે. ગુડાના ચેરમેન આશિષ દવેએ પણ ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાની સાથે હાઈટેક વિકાસ તરફ ધ્યાન કેન્દ્રીત કર્યુ હોવાનો દ્રષ્ટિકોણ સ્પષ્ટ થયો છે. પ્લોટોની હરાજીની યોજનાના અંતે ન્યુ ગાંધીનગરમાં વિકાસનો સિનારીયો બદલાશે તેવી પણ આશા બંધાઈ છે. ગુડાના સ્થાપના દિવસને ધ્યાને લઈ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા હાલ આમ નાગરિકોને ધ્યાને લઈ માળખાગત સુવિધાના વિવિધ કામોનુ ખાતમુર્હુત કરવામાં આવી રહયુ છે. જયારે ગુડા વિસ્તારમાં નર્મદાનુ પાણી આપવા માટે પણ નેટવર્ક તૈયાર કરી દેવાયુ છે. જયારે માળખાગત સુવિધાની સાથે હવે ગુડા દ્વારા વિવિધ વિસ્તારમાં હાઈટેક વિકાસની કાર્યયોજનાના ભાગરૂપે પ્લોટોની હરાજી સાથે વિકાસની નવી કેડી કંડારવાની દિશામાં આગળ વધવાનો પ્લાન બનાવ્યો છે.

એકમો સિલ...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે મનપાએ જીઆઈડીસી વિસ્તાર જે સે. ૨૫-૨૬માં છે ત્યાં નવ જેટલી મિલ્કતો અને ઈન્ફોસીટી વિસ્તારમાં પાંચ જેટલી મિલ્કતોનું સિલીંગ કર્યું છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ૧૪ એકમો પાસે રૂ. ૧ કરોડથી વધુની બાકી નીકળી રહી છે. તંત્રે વસુલી માટે સપ્તાહથી આગળ વધવા માટેનું મન બનાવી લીધુ હોવાથી આગામી દિવસોમાં શહેરમાં વધુ મિલ્કતોનું સિલીંગ થશે.

આ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરની નામાંકિત શૈક્ષણિક સંસ્થાઓ પાસેથી પણ મોટી રકમ બાકી નીકળે છે અને તે માટે આ સંસ્થા સંચાલકોને નોટીસની બજવણી કરી દેવામાં આવી છે.

મનપાએ મિલ્કતવેરાની બાકી વસુલી માટે રાજ્ય સરકારની વિવિધ વિભાગોની જે મિલ્કતો છે તેને પણ નોટીસ ફટકારી છે. રાજ્ય સરકારમાં સૌથી વધુ માર્ગ-મકાન વિભાગ પાસેથી બાકી નીકળતી હોવાનું જણાઈ રહ્યું છે. આ માટે તંત્રો વચ્ચે બેઠકો પણ ચાલુ હોવાનું જાણવા મળેલ છે.

મનપાએ ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૨૩ કરોડ જેટલી મિલ્કતવેરાની વસુલી મેળવી લીધી છે. જ્યારે બાકીદારોને નોટીસ ફટકાર્યા બાદ હવે વસુલી માટે આક્રમક વલણ અખત્યાર કર્યુ છે. આ વર્ષ વસુલીના લક્ષ્યાંકને પણ પાર કરી દેશે.

તંત્ર હરકતમાં...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કાર્યરત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાનો તખ્તો તૈયાર થઈ ગયો છે. મનપાને વ્યવસાય વેરાની આવક ૬ કરોડ જેટલી પ્રાપ્ત થાય છે પણ આ આવક પણ ૧૦ કરોડને પાર થાય તેવા લક્ષ્યાંક સાથે આગળ વધવાની વ્યુહરચના તૈયાર થઈ ગઈ હોવાનું પણ સૂત્રોએ સ્વીકાર્યું છે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN

Autoclaved Aerated Concrete Blocks

ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦

sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯ મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮, E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ